# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૮ તા.૧૧-૮-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષય :- 'પ્રતિભા ખોજ (Talent search )સાંસ્કૃતિક કાર્યક્રમ-૨૦૧૫' માં ઉપસ્થિત રહેવા બાબત.**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે માટે **'પ્રતિભા ખોજ (Talent search )** કાર્યક્રમનું આયોજન માન.પ્રભારી મંત્રીશ્રી, માન.મેયરશ્રી, માન.ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ. કોર્પોરેટરશ્રીઓ તથા મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીશ્રીઓની વગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ રિવરફ્રન્ટ પર ગોઠવવામાં આવ્યો છે. તો નીચે દર્શાવેલ સૌ એ 'બાટા'ના શૉ રૂમના સામેના ખાંચામાં(ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની ગલીમાં) રિવરફ્રંટ પર મંડપ બાંધવામાં આવ્યો છે તે સ્થળ પર મોડામાં મોડા તા.૧૩-૮-૨૦૧૫ને બુધવારના રોજ સાંજે ૬-૦૦ વાગે ઉપસ્થિત રહેવાનું રહેશે. અને જે-તે ઝોનના બોર્ડ લગાવેલાં હોય ત્યાં જ શિક્ષકોએ જગ્યા લેવાની રહેશે તથા બીટ સુપરવાઈઝર પાસે હાજરી પૂરાવવાની રહેશે.

૧. તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ

૨. જે શાળામાં પાંચ કરતા વધુ શિક્ષકશ્રીઓની સંખ્યા હોય તેવી શાળાના મુખ્ય શિક્ષકશ્રી તેમજ પાંચ શિક્ષક મળી કુલ છ શિક્ષકોએ હાજર રહેવું (દા.ત. ૭ શિક્ષકવાળી સંખ્યા હોય તો ૫ શિક્ષક + ૧ મુખ્ય શિક્ષક મળીને ૬ શિક્ષકો)

૩. જે શાળામાં પાંચ કે તે કરતાં ઓછી શિક્ષક સંખ્યા હોય તેવી શાળાના મુખ્ય શિક્ષક સહિત ત્રણ શિક્ષકોએ હાજર રહેવાનું રહેશે. (દા.ત. ૫ શિક્ષકવાળી સંખ્યા હોય તો ૧ મુખ્ય શિક્ષક તેમજ ૨ શિક્ષક મળીને ૩ શિક્ષકો)

૪. યુ.આર.સી. કો.ઓર્ડિનેટર, સી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રીએ ૫-૦૦ કલાકે પોત પોતાના ઝોનના આસિ.એ.ઓ.શ્રીને મળીને વ્યવસ્થા સંભાળવાની રહેશે.

આ કાર્યક્રમ ત્રણ કલાક એટલે કે રાત્રીના ૧૦-૦૦ સુધી ચાલવાનો હોવાથી તે મુજબની તૈયારી સાથે આવવું. જે શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે દરરોજ પ્રેકટિસમાં આવે છે તેઓને સંખ્યામાં ગણવાના નથી તેની નોંધ લેવી.

આ કાર્યક્રમમાં જે-તે શાળાના વિદ્યાર્થીના વાલીને પણ પરિવાર સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ છે. તે નિમંત્રણ વિદ્યાર્થીના વાલીને પહોંચાડવાનું રહેશે. આ નિમંત્રણ પ્રેક્ટિસ માટે વિદ્યાર્થી સાથે આવનાર શિક્ષકશ્રીને આપવામાં આવેલ છે.

તા.૧૧-૮-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૫૯ તા.૧૧-૦૮-૨૦૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**(પરીપત્રનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ દરખાસ્ત પત્રકો તૈયાર કરશો.)**

**વિષય :- વર્ષ ૨૦૧૫/૧૬ માટે પછાત વર્ગોનાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિના દરખાસ્ત ફોર્મની વહેંચણી બાબત.**

આથી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે તમારી શાળામાં અભ્યાસ કરતાં નીચે જણાવેલ પછાત વર્ગોનાં વિદ્યાર્થીઓની સને ૨૦૧૫/૧૬ના વર્ષની શિષ્યવૃત્તિના દરખાસ્તપત્રકો પરિપત્રમાં જણાવેલ તારીખે અને સમયે જે તે ઝોનની તમામ શાળાઓએ પરિપત્રમાં જણાવેલ નમૂના મુજબના રિપોર્ટ સાથે (શાળાના મુખ્ય શિક્ષકશ્રીના સહી સિક્કાવાળા) સ્કોલરશીપ વિભાગ, ખાતેથી નીચે જણાવેલ સ્થળેથી મેળવવાના તેમજ ભરીને પરત આપવાના રહેશે.

શિષ્યવૃત્તિના દરખાસ્તપત્રકના ફોર્મમાં ૪૦ વિદ્યાર્થીઓના નામનો સમાવેશ થાય છે. તે પ્રમાણે શિ.વૃ.ના દરખાસ્તપત્રકોના ફોર્મની માંગણી કરવી. દરખાસ્તપત્રકમાં વિદ્યાર્થીઓના બેંક ખાતાનો નંબર લખવાનો હોઈ ફકત અહીંથી આપેલ નવા દરખાસ્ત પત્રકોનો ઉપયોગ કરવાનો રહેશે. તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતાનાં નંબર દરખાસ્ત પત્રકમાં અવશ્ય લખવાનો રહેશે.

**:: કોરા દરખાસ્ત પત્રક મેળવવા માટેનો નમૂનો ::**

શાળાનું નામ :- ઝોન નં. જાવક નં. તારીખ :-

| અનુ | સ્કીમનું નામ | શિ.વૃ. મેળવવાપાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા | એક નકલ પ્રમાણે ફોર્મની સંખ્યા | ચાર નકલ પ્રમાણે ફોર્મની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | |
|---|---|---|
| ૧) | અનુ.જાતિ શિ.વૃ. ધો.૧ થી ૮ | પત્રક નં.૧ |
| ૨) | અનુ.જનજાતિ શિ.વૃ. ધો.૧ થી ૮ | પત્રક નં.૨ |
| ૩) | અનુ.જાતિ ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં.૪ |
| ૪) | અનુ.જનજાતિ ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં.૫ |
| ૫) | અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિ શિ.વૃ. ધો.૧ થી ૮ | પત્રક નં.૭ |
| ૬) | અનુ.જનજાતિ પૈકી અતિપછાત જાતિ શિ.વૃ. ધો.૧ થી ૮ | પત્રક નં.૮ |
| ૭) | વિચરતિ વિમુકત જાતિ શિ.વૃ. ધો.૧ થી ૮ | પત્રક નં. ૩ |
| ૮) | વિચરતિ વિમુકત જાતિ (અતિ પછાત જાતિ સાથે)/ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં. ૬ |
| ૯) | વિચરતિ વિમુકત જાતિ અતિપછાત / સા.શૈ.પ.વ. અતિપછાત શિ.વૃ. ધો.૧ થી ૮ | પત્રક નં. ૯ |
| ૧૦) | સામા.શૈક્ષ.પછાત વર્ગ શિ.વૃ. ધો.૧ થી ૪ | પત્રક નં.૧૦/અ |
| ૧૧) | સામા.શૈક્ષ.પછાત વર્ગ શિ.વૃ. ધો.૫ થી ૮ | પત્રક નં.૧૧ |
| ૧૨) | ભાષાકીય-લઘુમતિ જાતિ(મરાઠી તથા સિંધી) શિ.વૃ. ધો.૫ થી ૮ | પત્રક નં. ૧૨ |
| ૧૩) | આર્થિક પછાત વર્ગ જાતિ શિ.વૃ.ધો.૧ થી ૮ | પત્રક નં. ૧૩ |
| ૧૪) | સામા.શૈક્ષ.પછાત વર્ગ જાતિ (અતિપછાત જાતિઓ સાથે) ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં. ૧૪ |
| ૧૫) | ભાષાકીય લઘુમતિ જાતિ(મરાઠી તથા સિંધી)-ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં. ૧૫ |
| ૧૬) | ધાર્મિક લઘુમતિ જાતિ (મુસ્લીમ,ખ્રિસ્તી,શીખ,પારસી,જૈન,બૌધ્ધ) ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં.૧૫/અ |
| ૧૭) | આર્થિક પછાત વર્ગ જાતિ ગણવેશ સહાય ધો.૧ થી ૮ | પત્રક નં. ૧૬ |

---

૧ થી ૧૭ નું કુલ

તારીખ :-

શાળાના મુખ્ય શિક્ષકશ્રીની
સહી તેમજ શાળાનો સિકકો

પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિ.વૃ.ની ઉપરોકત યોજનાઓમાં ધો.૧ થી ૮નાં કુમાર તેમજ ધો.૧ થી ૫ની કન્યાઓને શિષ્યવૃત્તિના દર એક સમાન હોઈ પ્રથમ ધો.૧ થી ૮નાં કુમારના નામ લખવા ત્યારબાદ ધો.૧ થી ૫ની કન્યાના નામ લખવા ત્યારબાદ બે લાઈનમાં મોટા અક્ષરે લાલપેનથી નીચે ધો.૬ થી ૮ની કન્યાના નામ તેમ દર્શાવી ધો.૬ થી ૮ની કન્યાના નામ લખવા અનુક્રમ નંબર સળંગ ચલાવવો (ધો.૬ થી ૮ની કન્યાઓને દરેક યોજનામાં રૂા.૭૫૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ મળે છે માટે) તારીજ ફકત દરખાસ્ત પૂર્ણ થાય તેના છેલ્લા પાને દર્શાવવી. ફકત પત્રક ૯માં ધો. ૧ થી ૫નાં કુમાર+ કન્યાને રૂા.૭૫૦/- તથા ધો.૬ થી ૮ના કુમાર+કન્યાને રૂા.૯૦૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ મળતી હોઈ ધો.૧ થી ૫નાં કુમાર+કન્યાનું ભેગુ એક પત્રક તે મુજબ ધો.૬ થી ૮ના કુમાર + કન્યાનું ભેગુ એક પત્રક બનાવવું આમ ફકત પત્રક-૯માં જ ધો.૧ થી ૫ અને ધો.૬થી ૮નાં પત્રકો અલગ બનશે. **કોઈ પણ સંજોગોમાં કોઈપણ યોજનામાં કુમાર અને કન્યાના પત્રકો અલગ બનાવવાના નથી તેની ખાસ નોંધ લેશો.**

દરખાસ્તપત્રકો ભરતી વખતે નીચે મુજબની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરશો.

૧. વર્ષ-૨૦૧૫-૧૬ માટે ફકત નવા જ દરખાસ્તપત્રકોનો ઉપયોગ કરવો.

૨. દરખાસ્તપત્રકોમા આપેલ તમામે તમામ કોલમોમાં માહિતી ભરવી ફરજીયાત છે.(બેંક એકાઉન્ટ નંબર સાથે)

૩. દરખાસ્તપત્રકોમા પાને પાને તારીજો બનાવવો નહીં ફકત દરખાસ્ત પૂર્ણ થાય તે પાને તારીજો સ્પષ્ટ અક્ષરમાં લખવો (દરખાસ્ત પાછળ આપેલ તારીજમા જ કુમાર+કન્યાની સંખ્યા દર્શાવવી. અલગથી કોઈ પણ ખાના પાડીને કે અલગ કાગળમાં તારીજ બનાવવી નહીં)

૪. દરખાસ્તના તમામ પાના ઉપર શાળાનું નામ , સરનામું ઝોન નંબર, પત્રક નંબર, યોજના તેમજ વર્ષ સ્પષ્ટ રીતે લખવી.

૫. પત્રક નં.૧માં ધો.૧ થી ૮મા અભ્યાસ કરતાં અનુ.જાતિ (વણકર,ચમાર વગેરે)ના વિદ્યાર્થીઓનાં વાલીની આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય ગત્ વર્ષની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓના નામ લખવા.

૬. પત્રક નં.૨ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા અનુ.જનજાતિનાં (બરડા,બાવચા,ભીલ) વિદ્યાર્થીઓનાં નામ લખવાં, વાલીની આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય ગત્ વર્ષની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોવો જોઈએ.

૭. પત્રક નં.૩ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના (ભવૈયા, વાઘરી, ઓડ, રાવળીયા, રાવળ, છારા)વિદ્યાર્થીઓના વાલીની આવકમર્યાદા રૂા.૬૮,૦૦૦/- સુધીની હોય તથા આગલા વર્ષની પરીક્ષામાં પાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના નામ લખવાં.

૮. પત્રક નં.૪ ભરતી વખતે ધો.૧ થી ૮મા અભ્યાસ કરતાં અનુ.જાતિનાં વિદ્યાર્થીઓના નામ લખવા. પિતા/વાલીની આવકમર્યાદા રૂા.૬૮,૦૦૦/- હોય તેવાં વિદ્યાર્થીઓનાં નામ લખવાં વાલીનો વ્યવસાય અવશ્ય દર્શાવવો.

૯. પત્રક ન.૫ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતાં અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓના નામ લખવાં પિતા / વાલીની આવકમર્યાદા રૂા.૬૮,૦૦૦/- હોય તેવા વિદ્યાર્થીઓના નામ લખવા વાલીની આવક અવશ્ય દર્શાવવી.

૧૦. પત્રક નં.૬ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા વિચરતિ-વિમુકત જાતિના વિદ્યાર્થીઓનાં નામ લખવાં. ગત્ વર્ષનું પરિણામ પાસ તથા વાલીની આવક મર્યાદા રૂા.૬૮,૦૦૦/ની રહેશે.

૧૧. પત્રક નં.૭ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિ (વાલ્મીકી, હાંડી, નાડીયા, સેનવા, ગરોડા, તુરી, વણકર સાધુ, હરિજન બાવા) વિદ્યાર્થીઓનાં નામ  લખવાં જેમાં વાલીની આવક મર્યાદા ધ્યાનમા લીધા સિવાય ગત્ વર્ષની પરીક્ષામાં પાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓનાં નામ લખવાં ધો.૧માં નવા દાખલ થયેલ વિદ્યાર્થીની હાજરી ધ્યાનમાં લેવાની રહેતી નથી. આ યોજનામાં એક જ માબાપ વાલીનાં વધુમાં વધુ બે કુમાર અને બે કન્યા શિ.વૃ.ના લાભને પાત્ર છે.

૧૨. પત્રક નં.૮ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા અનુ.જનજાતિ પૈકી અતિપછાત જાતિનાં (કોલધા,કોલચા,સીદી, દુબળા,હળપતિ,કાથોડી, તળાવિયા,પઢાર,કોટવાળીયા,કોટવાડીયા) વિદ્યાર્થીઓનાં નામ લખવા. વિદ્યાર્થીની ગયા વર્ષની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. આ યોજનામા એક જ મા-બાપ/ વાલીનાં બે કુમાર / બે કન્યા સુધી લાભ મળશે. વાલીની આવકમર્યાદા ધ્યાનમાં લેવાની નથી. ધો.૧મા હાજરી ધ્યાનમાં લેવાની નથી તથા નવો પ્રવેશ છે તેમ દર્શાવવું જરૂરી છે.

૧૩. પત્રક નં.૯ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા વિચરતિ વિમુકત જાતિ પૈકી અતિ પછાત જાતિનાં તથા સા.શૈ.પ.વ. જાતિ પૈકી અતિ પછાત જાતિના(ડફેર, મે, મેતા, મેણા, કાંગસીયા, મદારી, ગાડલીયા, બાવરી, વાંસફોડા, વણઝારા, ફકીર, વાદી, નટ, બજાણિયા, સરાણિયા) વિદ્યાર્થીઓનાં નામ લખવાં. વાલીની વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/-ની મર્યાદામાં હોવી જોઈએ તેમજ વિદ્યાર્થી આગળના ધોરણની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

૧૪. પત્રક નં. ૧૦/અ ભરતી વખતે ધો.૧ થી ૪માં અભ્યાસ કરતા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ અને વિચરતી વિમુક્ત) જાતિના (ઠાકોર,પ્રજાપતિ,સુથાર,વાળંદ, સિપાઈ, મનસુરી, પિંજારા વગેરે) વિદ્યાર્થીઓનાં નામ લખવા. જેમાં વાલીની વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/-ની મર્યાદામા હોય તેમજ ગત વર્ષની હાજરી ૭૦% હોવી જરૂરી છે. ગત્ વર્ષની પરીક્ષામાં વિદ્યાર્થી પાસ થયેલ હોવો જોઈએ.

૧૫. પત્રક નં. ૧૧ ભરતી વખતે ધો.૫ થી ૮માં અભ્યાસ કરતા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (અનુ નં.૧૪માં જણાવેલ જાતિઓ) જાતિના વિદ્યાર્થીઓનાં નામ લખવા. જેમાં વાલીની વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/-ની મર્યાદામા હોય તેમજ વિદ્યાર્થી ગત્ વર્ષની પરીક્ષામાં પાસ થયેલ હોવો જોઈએ.

૧૬. પત્રક નં.૧૨ ભરતી વખતે ધો.૫ થી ૮માં અભ્યાસ કરતા ભાષાકીય લઘુમતિ જાતિનાં (ભાષા પ્રમાણે સિંધી તથા મરાઠી) વિદ્યાર્થીઓનાં નામ લખવા. વાલીની વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/-ની મર્યાદામાં તથા વિદ્યાર્થી આગલા ધોરણની વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલ હોવો જોઈએ.

૧૭. પત્રક નં.૧૩ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા આર્થિક પછાત વર્ગના (ખેતમજૂરો, છૂટક મજૂરો, હાથલારીવાળા, પગરીક્ષા અને રીક્ષા ડ્રાયવરો(રીક્ષાના માલિક નહીં) ઘોડાગાડીવાળા, ઉંટગાડીવાળા) વિદ્યાર્થીઓનાં નામ લખવાં આ પત્રકમાં વાલીની જાતિ તથા વ્યવસાય સ્પષ્ટ જણાવવો. વાલીની વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/-ની મર્યાદામાં હોય તેમજ વિદ્યાર્થી ગત્ વર્ષની વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલ હોવો જોઈએ.

૧૮. પત્રક નં. ૧૪,૧૫ ,૧૬ ભરતી વખતે ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતાં અનુક્રમે પત્રક નં. ૧૧,૧૨ અને ૧૩મા જણાવેલ જાતિઓનાં વિદ્યાર્થીઓનાં નામ લખવાં સા.શૈ.પ.વ. જાતિનાં ભાષાકીય લઘુમતિ જાતિના તથા આર્થિક પછાત વર્ગ જાતિના વિદ્યાર્થીઓની વાલીની આવક મર્યાદા રૂા.૬૮,૦૦૦/- સુધીની હોય તેવા વિદ્યાર્થીઓનાં નામ લખવા વિદ્યાર્થી ગત્ વર્ષે પાસ થયેલ હોવો જોઈએ.

૧૯. પત્રક નં. ૧૫/અ ભરતી વખતે ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા ધાર્મિક લઘુમતિ જાતિના (મુસ્લીમ,ખ્રિસ્તી,શીખ,પારસી,જૈન અને બૌધ્ધ) વિદ્યાર્થીઓનાં નામ લખવા. વાલીની વાર્ષિક આવક રૂા.૬૮,૦૦૦/-ની મર્યાદામાં તથા વિદ્યાર્થી આગલા ધોરણની વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલ હોવો જોઈએ.

૨૦. જે યોજનાઓમાં આવકની મર્યાદા લાગુ પડતી હોય તે વિદ્યાર્થીઓનાં વાલી પાસેથી સક્ષમ અધિકારીશ્રીનો આવકનો દાખલો મંગાવી શાળાનાં રેકર્ડ પર રાખવાનો રહેશે.

૨૧. શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર વિદ્યાર્થીનું નામ જે તે યોજનામાં જ લખવું. શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર કોઈપણ વિદ્યાર્થીનું નામ રહી ન જાય તેની કાળજી રાખવી. આ અંગેની કોઈપણ જાતની ફરિયાદ ઉભી થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત વિદ્યાર્થીના વર્ગશિક્ષક તેમજ આચાર્યશ્રીની રહેશે. તેની ગંભીરતાથી નોંધ લેશો.

૨૨. દરખાસ્તપત્રકોમા સળંગ નંબરો આપી નામ લખવા. <u>ધોરણ પ્રમાણે અલગ અલગ પત્રકો બનાવવા નહીં.</u> આવા પત્રકોને કારણે સમાજકલ્યાણ ખાતેથી શિ.વૃ.મંજૂરીમાં ભૂલો થવાની શક્યતા વધી જાય છે. તેથી સૂચનાઓ પ્રમાણે જ દરખાસ્તપત્રકો બનાવવા.

૨૩. શિ.વૃ.ના દર.પત્રકોમાં વિદ્યાર્થીનું પુરૂ નામ અટક સાથે લખવું તથા વાલીનું પૂરેપુરૂ સરનામું જણાવવું. દરખાસ્તના દરેક પાના ઉપર શાળાના નામનો સિકકો અવશ્ય લગાવવો.

૨૪. શિષ્યવૃત્તિની દરખાસ્તમા માહિતી સુવાચ્ય, ચેક ચાક કર્યા સિવાયની અને સહી સિકકાવાળી હોવી જોઈએ.

૨૫. દરેક દરખાસ્તપત્રકની બે કોપી સાથે બાંધવી (એક કોપી હાથથી લખેલી અને એક કાર્બન કોપી એમ બે કોપી સાથે બાંધવી). અને ત્રીજી કોપી અલગ બાંધવી.

૨૬. શિ.વૃ.ના દરખાસ્તપત્રકોમાં દરેક દરેક કોલમમાં માહિતી ભરવી ફરજીયાત છે. વિદ્યાર્થીના વાલીનો વ્યવસાય અને આવકની ચકાસણી વર્ગશિક્ષક કે આચાર્યશ્રીએ ખરાઈ કરીને ભરવાની રહેશે.

૨૭. દરખાસ્તપત્રક પાછળા આપેલ તારીજો ચેક-ચાક વગરનો સુવાચ્ય અક્ષરમાં લખેલ હોવો જોઈએ.

૨૮. દરેક વિદ્યાર્થીને તેમની શિ.વૃ.ના નાણાં તેમના બેંક ખાતમાં જ જમા આપવાના છે તેથી દરેક વિદ્યાર્થીનું બેંક ખાતું હોવું જરૂરી છે. અને તેનો ખાતા નંબર દરખાસ્તપત્રકમાં લખવો ફરજિયાત છે.

૨૯. દરખાસ્તપત્રક ઉપર બેંકનું નામ , બ્રાંચનું નામ તથા એકા.નંબર પાને પાને લખવાનો રહેશે.

૩૦. આપને ગત વર્ષે જાતિની સમજ આપતી યાદી પરિપત્ર સાથે આપવામાં આવેલ હતી. જેનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ દરખાસ્ત પત્રકો ભરવા.

૩૧. જે-તે જાતિના વિદ્યાર્થીઓના નામનો સમાવેશ જાતિ મુજબના પત્રકમાં કરવાનો રહેશે. આ માટે જાતિની પુસ્તિકાનો આધાર લેશો.

પરિપત્રમાં જણાવેલ શિ.વૃ.ના કોરા દરખાસ્તપત્રકો લેવા માટે નીચે જણાવેલ તારીખે અને સમયે જે તે ઝોનની શાળાઓએ આવવાનું રહેશે.

| ઝોન નં. | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| તમામ ઝોન | ૧૪-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | જમાલપુર શા.નં. ૪ |

ઉપર જણાવેલ સૂચનાઓને ધ્યાનમાં રાખી શિ.વૃ.નાં દરખાસ્તપત્રકો ચાર નકલમાં બનાવવા. તે પૈકીની એક ઓરીજીનલ અને એક કાર્બન પેપરવાળી નકલ (કુલ-૨ નકલ)તથા એક નકલ મળી કુલ ત્રણ નકલ સ્કોલરશીપ વિભાગ ખાતે નીચે જણાવેલ તારીખે અને સમયે જે તે ઝોનની તમામ શાળાઓએ રૂબરૂમાં ચેક કરાવી તેની નોંધ રજીસ્ટરમા કરાવવાની રહેશે એક નકલ શાળા કોપી તરીકે શાળાના દફતરે કાળજીપૂર્વક સાચવી રાખવી. **નિયત સમયબાદ આવેલ શાળાઓનાં દરખાસ્તપત્રકો મહે.એ.ઓ.સાહેબની જરૂરી મંજૂરીથી જ સ્વીકારવામાં આવશે**. નીચે જણાવેલ પત્રક નંબર પ્રમાણે બે નકલનો એક બંચ તથા પત્રક નં.૧ થી ૧૭નાં પત્રકો (ત્રીજી નકલનો)એક એક બંચ અલગ અલગ બાંધવાના રહેશે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અનુ.જાતિ | :- | પત્રક નં.૧, ૪,૭ | કુલ : ૩ પત્રક ૨ નકલમાં સાથે |
| ૨ | અનુ.જનજાતિ | :- | પત્રક નં.૨,૫,૮ | કુલ : ૩ પત્રક ૨ નકલમાં સાથે |
| ૨ | અન્ય પછાત વર્ગ | :- | પત્રક નં.૩,૬,૯,૧૦/અ, ૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૫/અ,૧૬ | કુલ : ૧૧ પત્રક ૨ નકલમાં સાથે |

ભરેલી દરખાસ્ત નીચે જણાવેલ તારીખે અને સમયે જે - તે ઝોનની શાળાઓએ પરત કરવાની રહેશે.

| ઝોન નં. | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ઉત્તર | ૨૪-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | જમાલપુર શા.નં.૪ |
| દક્ષિણ | ૨૫-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | |
| પૂર્વ | ૨૬-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | |
| પશ્ચિમ | ૨૭-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | |
| હિન્દી | ૨૮-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | |
| ઉર્દૂ | ૩૧-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | |

ઉપરોક્ત પરિપત્ર શાળાના તમામ શિક્ષક ભાઈબહેનોને વંચાવી વાકેફ કરી તેની નોંધ લેવડાવશો. દર વર્ષે પ્રવેશ કાર્ય પૂર્ણ થયાં પછી દરખાસ્તપત્રકો મેળવવામા આવે છે. આવી વ્યવસ્થા હોવાં છતાં ઘણી બધી શાળાઓ પુરવણી દરખાસ્તપત્રકો મોકલી આપે છે. જે યોગ્ય નથી. સમયમર્યાદા બહાર શાળાએ પ્રવેશ આપેલા વિદ્યાર્થીના કિસ્સામાં વિદ્યાર્થીના માતાપિતા પાસે પ્રવેશફોર્મમાં બાહેધરી લખાવવી કે ચાલુ વર્ષની શિષ્યવૃત્તિ પસંદગી યાદી (દરખાસ્ત) રજુ થઈ ગયેલ હોવાથી તમારા પૂત્ર-પુત્રીને લાભ આપવાની માંગણી મોકલી શકાશે નહીં. આ બાબત પ્રવેશફોર્મમાં ઉમેરીને જ પ્રવેશ આપવો. જેથી ઘણાં મોડાં દાખલ થતાં છાત્રો માટે કામગીરી બેવડાવવી ન પડે અને લાયક બાળકોને સમયસર નાણાં ચૂકવવાનું આયોજન કરી શકાય.

ચાલુ સાલે કોરી દરખાસ્ત સાથે આપને આપની શાળાની જરૂરિયાત મુજબના પહોંચપત્રકો પણ સાથે આપી દેવામાં આવે છે. જેથી પહોંચપત્રક બાબતે સ્કોલરશીપ વિભાગમાં ફરીથી માંગણી કરવી નહીં.

વધુમાં ચાલુ વર્ષથી ફક્ત અનુ.જાતિના અસ્વચ્છ વ્યવસાય સાથે સંકળાયેલા જેવા કે ૧. મરેલા ઢોરની ખાલી કાઢનાર, ૨.ચામડું કમાવવાનું કામ કરનાર,ચામડું ઉતારવાનું કામ કરનાર, ૩.સફાઈ કરનાર, ૪.શેરી સાફ કરવી, ૫. કાગળ વિણનાર(વેસ્ટ પીકર) વાલીના બાળકોને શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. તેના નિયમો નીચે મુજબ છે.

૫. જે વિસ્તારમાં વ્યવસાય કરતા હોય તે વિસ્તારના સક્ષમ અધિકારીનું વ્યવસાય અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૬. રેશનકાર્ડની ઝેરોક્ષ રજૂ કરવાની રહેશે.

૭. આધારકાર્ડ રજૂ કરવાનું રહેશે.

૮. અન્ય યોજના હેઠળ લાભ લેતા ન હોવા જોઈએ.

૯. આ યોજનામાં વધુમાં વધુ બે બાળકોને શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

આ સાથે આપને ફોર્મનો નમુનો આપવામાં આવે છે. જે ફોર્મ વાલી સેવા સંસ્થા દ્વારા ભરાઈ એ સંસ્થાના સહી સિક્કા કરાવી શાળામાં આપી જાય તે સ્વીકારી આપે પત્રક નં.૪નો નમુનો આપવામાં આવેલ છે. તે મુજબ શાળા કક્ષાએથી અનુક્રમ નં.૧ થી ૨૧ ખાનામાં સંપૂર્ણ વિગતો ભરી ફોર્મ શિષ્યવૃત્તિ વિભાગમાં આપવાનું રહેશે.

તા. ૧૧-૦૮-૨૦૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**નોંધ :-**

૧. **ગત વર્ષ સુધી અનુ.જાતિના ધો.૫ થી ૮ તથા ધો.૧ થી ૪નાં વિદ્યાર્થીઓ માટે પત્રક–૧ અને પત્રક-૧અ અમલમાં હતું પરંતુ ચાલુ વર્ષથી પત્રક ૧ માંજ ધો.૧ થી ૮નાં કુમાર + કન્યાના નામ લખવા. પત્રક-૧અ બંધ કરવામાં આવે છે.**

૨. **ગત વર્ષ સુધી પત્રક-૩ માં વિ.વિ.જાતિ શિ.વૃ.માં ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓના નામો લખાતા હતા. પરંતુ ચાલુ વર્ષથી ધો.૧ થી ૮નાં તમામ વિદ્યાર્થીઓના નામ લખવા**

૩. **આથી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિના ભરેલા ફોર્મ/સીડી./તારીજ વગેરે પરિપત્ર નં.૩૬/તા.૩-૭-૧૫માં જણાવેલ છે તે રીતે તૈયાર કરી નીચે જણાવેલ જે-તે ઝોનની તારીખે અને સમયે જમા કરાવી દેશો.**

| ઝોન | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ઉત્તર અને દક્ષિણ | ૧૯-૮-૧૫ | ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (૨-૦૦ થી ૨-૩૦ રીસેષ) | જમાલપુર શા.૪ |
| પૂર્વ અને પશ્ચિમ | ૨૦-૮-૧૫ | | |
| હિન્દી અને ઉર્દૂ | ૨૧-૮-૧૫ | | |

## તારીખ : ૧/૧/૯૫ થી અમલમાં આવેલ સુધારેલ નિયમો મુજબ અસ્વચ્છ વ્યવસયામાં રોકાયેલા વાલીઓના બાળકોને શિષ્યવૃતિ મેળવવા માટેનું અરજી પત્રક

૧ વિધાર્થીઓનું પુરેપુરૂં નામ :

૨ કયા ધોરણમાં અભ્યાસ કરે છે. :

૩ વિધાર્થીના મા-બાપ વાલીનું પુરૂ નામ :
સરનામું

૪ જાતિ પેટા જાતિ :

૫ ધર્મ :

૬ મા-બાપ/વાલીનો વ્યવસાય
(સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર જોડવું)

વ્યવસાયની વિગતો

**૧ મરેલા ઢોરની ખાલી કાઢનાર**
**૨ ચામડું કમાવવાનું કામ કરનાર, ચામડું ઉતારવાનું કામ કરનાર,**
**૩. સફાઈ કરનાર**
**૪ શેરી સાફ કરવી**
**૫ કાગળ વીણનાર (waste Pickers)**

૭ ગત વર્ષ કર્યા ધોરણમાં અભ્યાસ કરતા હતા :
તથા શાળાનું નામ અને સરનામું

૮ ગત વાર્ષિક પરીક્ષામાં પાસ કે નાપાસ :

૯ વિધાર્થીના અન્ય ભાઈ કે બહેન આ યોજના :
હેઠળ લાભ મેળવેલ છે કે કેમ?જો હા તો તેની વિગત

૧૦ અન્ય કોઈસંતાને મેળવેલ નથી તે મુજબનું આ સાથેના :
મુજબનું એકરારનામું આ સાથે બીડેલ છે કે કેમ?હા/ના

૧૧ વિધાર્થી છાત્રાલયમાં રહે છે કે કેમ? છાત્રાલયનું નામ- :
સરનામું ચલાવનારનું સ્વૈચ્છિક સંસ્થાનું પુરૂ નામ-સરનામ

૧૨ છાત્રાલયમાં પ્રવેશની તારીખ :

૧૩ છાત્રાલયમાં રહેવા જમવાની શું વ્યવસ્થા છે? :
અને કેટલા ચાર્જ લેવામાં આવે છે.?

## એકરારનામું

આથી હું ખાત્રીપૂર્વક--------------------------------------------------------------નીચે સહી કરનાર રહેવાસી નામ------------------------------------------------- તાલુકો જીલ્લોઃ અમદાવાદ જણાવું છું કે શ્રી ---------------------------------------------------------વ્યવસાય કરૂં છું મારે પુત્ર/પુત્રી - -------------------------------------------------------શાળામાં ધોરણ------------------------ માં અભ્યાસ કરે છે. તેમજ અગાઉ લાભ મેળવેલ નથી. અરજીમાં જણાવેલ બાળકની શિ.વૃ. મેળવવા માટે કોઇ અન્ય યોજના હેઠળ લાભ મેળવતા નથી. તેમજ અગાઉ લાભ મેળવેલ નથી. અરજીમાં જણાવેલ બાળકની શિ.વૃ. મેળવવા માટે અન્ય કોઇ યોજના હેઠળ લાભ મેળમવેલ નથી. તેમજ અરજી કરેલ નથી.અમારા પુત્ર/પુત્રી સિવાય અન્ય પુત્રીઓ આ શાળામાં અથવા અન્ય શાળામાં આ યોજના હેઠળ લાભ મેળવતા નથી.

સ્થળ : ૧ વિધાર્થીના મા-બાપ/વાલીની સહી/

તારીખઃ ૨ વિધાર્થી/વિધાર્થીની સહી/

## અસ્વચ્છ વ્યવસાય તથા આવકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી------------------------------------------ગામ---------- --------------------------તાલુકો-------------------------------------જી.અમદાવાદના રહેવાસી છે. જેઓના પિતા/વાલીશ્રી --------------------પેટા જાતિ--------- છે તેઓ નીચે દર્શાવેલ વ્યવસાયો પૈકી ..................... નો વ્યવસાય કરે છે. આ વ્યવસાય માં તેઓ .......... વર્ષ થી રોકાયેલા છે. તે અંગેની ખાત્રી કરવામાં આવેલ છે. તેઓની વર્ષ ................ ની વાર્ષિક આવક રૂા...................... છે. પિતા ના આધારકાર્ડ નો નંબર.................................................... છે. જેઓના વ્યવસાય મરેલા ઢોરની ખાલી કાઢનાર તથા ચામડું કેળવવાનું (ચામડું ઉતારનાર અને ચામડું પકવવાનું કામ કરે છે. શેરી સાફ કરનાર કાગળ વીણનાર **(waste Pickers)** સાથે સંકળાયેલ છે)

સ્થળ — અધિકૃત અધિકારી/ પદાધિકારીનું નામ હોદ્દો

તારીખ — અને સહી

**નીચે જણાવેલ પદાધિકારીઓને આવકના પ્રમાણપત્ર આપવા અધિકૃત કરવામાં આવેલ છે.**

(૧) સંસદસભ્યશ્રીઓ, (૨) રાજ્યના ધારાસભ્યશ્રીઓ (૩) જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ (૪) મ્યુનિસિપાલિટીના મુખ્ય અધિકારીશ્રીઓ (૫) કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રીઓ (૬) બીજા વર્ગના માનદ્ મેજિસ્ટ્રેટશ્રીઓ (૭) સંબંધિત રાજ્ય, સંઘ પ્રદેશની સરકાર દ્વારા આ માટે ખાસ અધિકૃત કરેલ હોય તેવા અધિકારીશ્રીઓ (૮) અનુ.જાતિ અને અનુ.જનજાતિના મ્યુનિ. કોર્પોરેટરો (૯) જિલ્લા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ (૧૦) મહાનગર પાલિકાના મેયરશ્રીઓ, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને નગર પાલિકાના અધ્યક્ષશ્રીઓ તથા ઉપાધ્યક્ષશ્રીઓ (૧૧) નગર પંચાયતોના અધ્યક્ષશ્રીઓ અને ઉપાધ્યક્ષશ્રીઓ (૧૨) સરપંચ તથા ઉપસરપંચ (ફક્ત ગ્રામ્ય વિસ્તાર માટે)

## પત્રક-અ-૪

અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિ.વૃ યોજનાહેઠળ ભારતસરકારશ્રી નાં તા.૨૩/૩/૯૫થી અમલમાં આવેલ સુધારેલ નિયમો મુજબ શિ.વૃ.મેળવવા માટે નું અરજીપત્રક જેતે શાળાએ રજુ કરવાનું છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ચાલુવર્ષ અભ્યાસ ધોરણ | રહેણાંક્નું પુરૂ સરનામું | શાળામાં જ.રજી.માં નોંધાયેલ જાતિ પેટાજાતિ | શાળાનો જી.આર.નંબર | પેટાજાતિ | શાળામાં દાખલ થયા તારીખ | વાલીનો અસ્વચ્છ વ્યવસાયનો પ્રકાર | મા-બાપ વાલીની સાધનમાંથી વાર્ષિકઆવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

| ગતવર્ષ ક્યા ધોરણ માં અભ્યાસ કરતાં હતાં | ગત વાર્ષિક પરીક્ષા માં પાસ/નાપાસ | વિદ્યાર્થીના અન્ય કોઇ ભાઇ બહેન આ યોજના હેઠળ લાભ મળેલ છે કે કેમ ? હા/ના | અન્ય કોઇ સંતાને લાભ મેળવેલ નથી તે મુજબ વાલીનું એકરારનામું સામેલ છે. હા/ના | વિદ્યાર્થી છાત્રાલય માં રહે છે હા/ના | જે છાત્રાલયમાં રહેતાહોય તેનું નામ સરનામું | છાત્રાલયમાં પ્રવેશની તારીખ | મંજુર કરવામાં આવતી રકમ | બેંકનું નામ અને ખાતાનંબર | IFSC Code No | આધાર કાર્ડ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| | | | | | | | | | | |

પ્રમાણપત્ર :-(૧) સામેલ દરખાસ્ત દર્શાવેલ વિદ્યાર્થીઓની દરખાસ્ત બેવડાતી નથી કે અગાઉ શિ.વૃ.મેળવેલ નથી. તથાહવે પછી કોઇપણ વિદ્યાર્થીઓની દરખાસ્ત કરવાનીબાકી રહેતી નથી. જેની ખાત્રી કરવામાં આવેલ છે.

પ્રમાણપત્ર :-(૨) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,ઉપરોક્ત શાળાનારેકર્ડ પરથી દરખાસ્તો પરથી ખરાઇ કરીને આપવામાં આવેલ છે. વિદ્યાર્થીઓની હાજરી નિયમિત અનેઅભ્યાસ સંતોષકારક છે. આવિદ્યાર્થીને બીજીકોઇ યોજનાહેઠળ લાભ મળતો નથી. તેમજ લાભ મેળવવા અરજી કરેલનથી. વિદ્યાર્થીનાવાલીના અન્ય ભાઇબહેનને લાભમેળવેલનથી. વિદ્યાર્થીના વાલીના વ્યવસાય-આવકના પ્રમાણપત્ર તેમજ આ યોજના હેઠળ લાભ મેળવેલ નથી. તેવું વાલીનું એકરારનામું આ સાથે સામેલ છે.

આચાર્યશ્રીની સહી/સિક્કો.